# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-09-2024 Evening : 7.50 to 8.00
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

***************************************************

- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું છે કે અસરકારક ઓડિટ કાર્યો માટે ટેકનોલોજીનો વિકાસ જરૂરી છે.
- લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ટકાઉ અને સર્વસમાવેશક વિકાસનો લાભ છેવાડાની વ્યક્તિ સુધી પહોંચે તે માટે કાયદાકીય સંસ્થાઓને વધુ સક્રિય બનાવવા પર ભાર મૂક્યો છે.
- જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે 26 બેઠકો પર આવતીકાલે મતદાન થશે.
- સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે રાષ્ટ્રને આંતરિક આફતોથી બચાવવામાં ભારતીય તટરક્ષકદળના યોગદાનને અનુપમ ગણાવ્યું છે.
- આરોગ્ય રાજ્ય મંત્રી પ્રતાપરાવ યાદવે તમાકુમુક્ત યુવા અભિયાનના બીજા તબક્કાનો આરંભ કરાવ્યો.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV-PREZ-ASOSAI

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું છે કે અસરકારક ઓડિટ કાર્યો માટે ટેકનોલોજીનો વિકાસ જરૂરી છે. આજે નવી દિલ્હીમાં એશિયન એસોસિયેશન ઑફ

સુપ્રીમ એકાઉન્ટ્સ ઇન્સ્ટિટ્યુશન્સની 16મી એસેમ્બલીનું ઉદ્ઘાટન કરતાં રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, ટેક્નોલોજી આધારિત વિશ્વમાં, ટેક્નોલોજીનો ઉપયોગ કરીને વધુને વધુ જાહેર સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે.

રાષ્ટ્રપતિએ કહ્યું કે વિશ્વના ઘણા ભાગોમાં, મહિલાઓ અને સમાજના નબળા વર્ગો પાસે ડિજિટલ ટેક્નોલોજીની ઓછી પહોંચ છે, ડિજિટલ કૌશલ્યો વિકસાવવાની ઓછી તકો છે અને ડિજિટલ અર્થતંત્રમાં તેમનું પ્રતિનિધિત્વ પણ ઓછું છે. રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે આ અંતર માત્ર આવશ્યક સેવાઓ સુધી પહોંચવાની તેમની ક્ષમતાને મર્યાદિત કરતું નથી પરંતુ અસમાનતાને પણ કાયમી બનાવે છે.

શ્રીમતી મુર્મુએ કહ્યું કે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ - CAG દેશની જાહેર નાણાકીય વ્યવસ્થામાં પારદર્શિતા અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું કે ભારતીય બંધારણે CAG કાર્યાલયને વ્યાપક સત્તાઓ અને સંપૂર્ણ સ્વાયત્તતા પ્રદાન કરી છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે કેગનું કાર્યાલય બંધારણના નિર્માતાઓની અપેક્ષાઓ પર ખરું ઉતર્યું છે.

ચાર દિવસીય કોન્ફરન્સ પારદર્શિતા અને જવાબદારીને પ્રોત્સાહન આપવામાં સર્વોચ્ચ ઓડિટ સંસ્થાઓની મહત્વની ભૂમિકા અંગે ચર્ચા કરશે.

## PARLIAMENTARY--CONFERENCE

લોકસભાના અધ્યક્ષ  ઓમ બિરલાએ ટકાઉ અને સર્વસમાવેશક વિકાસનો લાભ છેવાડાની  વ્યક્તિ સુધી પહોંચે શકે તે માટે કાયદાકીય સંસ્થાઓને વધુ સક્રિય બનાવવા પર ભાર મૂક્યો છે... 10મી કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશન (CPA) ભારત પ્રદેશ સમેલનમાં વિધાનસભાઓનું ડિજિટાઈઝેશન, ધારાસભ્યોની ક્ષમતા નિર્માણ અને ટકાઉ અને સર્વસમાવેશક વિકાસમાં વિધાનસભા સંસ્થાઓની ભૂમિકા સહિત વિવિધ મુદ્દાઓ પર ઉત્પાદક ચર્ચા થઈ હતી. . શ્રી બિરલા કે જેઓ CPA ઈન્ડિયા રિજનના અધ્યક્ષ પણ છે, તેમણે આજે નવી દિલ્હીમાં પૂર્ણ થયેલી બે

દિવસીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી 25 અધ્યક્ષો, ચાર પ્રિસાઇડિંગ અધિકારીઓ અને 22 વિધાનસભાના પ્રમુખ અધિકારીઓએ આ પરિષદમાં હાજરી આપી હતી.

શ્રી બિરલાએ જણાવ્યું હતું કે રાજ્યોની વિધાનસભાઓનું ડિજિટાઇઝેશન પૂર્ણ કરવાના મુદ્દા પર પણ ચર્ચા થઈ હતી જેથી એક રાષ્ટ્ર એક ડિજિટલ પ્લેટફોર્મનું લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય.

## EVE-J-K-SECOND-PHASE-POLL

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા માટે 26 બેઠકો પર આવતીકાલે મતદાન થશે.. આ માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. મતદાન માટે ત્રણ હજાર પાંચસો બે મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે. જેમાંથી એક હજાર 56 શહેરી અને બે હજાર ચારસો 46 ગ્રામ્ય વિસ્તારોમાં છે. આજે 13 હજારથી વધુ મતદાન કર્મચારીઓ મતદાન મથકો પર પહોંચ્યા હતા. મતદાન માટે તમામ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે, જેથી વધુમાં વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી શકે. મતદાનમાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી પંચે વેબકાસ્ટિંગની સુવિધા પૂરી પાડી છે. મતદાન બાદ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો પર તમામ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે અને ચોવીસ કલાક ડિજિટલી દેખરેખ રાખવામાં આવશે.

જમ્મુ-કાશ્મીરમાં ત્રણ તબક્કામાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ રહી છે. પ્રથમ તબક્કામાં આ મહિનાની 18 તારીખે 24 બેઠકો પર મતદાન થયું હતું. ત્રીજા તબક્કામાં 1લી ઓક્ટોબરે 40 બેઠકો પર મતદાન થશે. 8 ઓક્ટોબરે મતગણતરી હાથ ધરાશે.

## RAJNATH---INDIAN-COAST-GUARD

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહે રાષ્ટ્રને આંતરિક આફતોથી બચાવવામાં ભારતીય તટરક્ષકદળના યોગદાનને અનુપમ ગણાવ્યું છે.આજે નવી દિલ્હીમાં સંરક્ષણમંત્રીએ ભારતીય તટરક્ષકદળ કમાન્ડરોની 41મી કોન્ફરન્સનું ઉદ્ઘાટન કર્યું. ત્રણ દિવસીય પરિષદ વિકસતા ભૌગોલિક રાજકીય પરિપ્રેક્ષ્ય અને દરિયાઈ સુરક્ષાની જટિલતાઓની પૃષ્ઠભૂમિમાં વ્યૂહાત્મક, અને વહીવટી બાબતો પર ફળદાયી ચર્ચાઓ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડશે.

કમાન્ડરોને સંબોધતા સંરક્ષણમંત્રીએ ભારતીય કોસ્ટ ગાર્ડને ભારતના સૌથી અગ્ર રક્ષક ગણાવ્યા હતા. તેમણે કહ્યું કે સતત દેખરેખ દ્વારા દેશના વિશાળ દરિયાકિનારાની સુરક્ષા તેઓ સુનિશ્ચિત કરે છે. તેમણે કહ્યું કે આ દળ હથિયારો, ડ્રગ્સ અને માનવ તસ્કરી અને આતંકવાદ જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પણ રોકે છે.

શ્રી સિંહે ભારતીય તટરક્ષકદળ અને સશસ્ત્ર દળોને સ્વદેશી પ્લેટફોર્મ અને સાધનો સાથે આધુનિક બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. આત્મનિર્ભરતા હાંસલ કરવાના પ્રયાસો અંગે શ્રી સિંહે કહ્યું કે ભારતીય શિપયાર્ડ દ્વારા ભારતીય કોસ્ટ ગાર્ડ માટે 31 જહાજોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## TOBACCO-PARIKRAMA

આરોગ્ય રાજ્ય મંત્રી પ્રતાપરાવ યાદવે જણાવ્યું છે કે તમાકુના તમામ પ્રકારનો ઉપયોગ હાનિકારક છે, દર વર્ષે તમાકુના સેવનને કારણે વૈશ્વિક સ્તરે 80 લાખથી વધુ લોકો મૃત્યુ પામે છે આજે નવી દિલ્હીમાં તમાકુ મુક્ત યુવા અભિયાનના

બીજા તબક્કાની શરૂઆત કરાવતા શ્રી યાદવે જણાવ્યું હતું કે, આ અભિયાન દ્વારા લોકોમાં તમાકુના સેવનની હાનિકારક અસરો અંગે જાગૃતિ લાવવામાં આવશે. તેમણે કહ્યું કે, ભારતમાં દર વર્ષે તમાકુના સેવનથી લગભગ 13 લાખ લોકો મૃત્યુ પામે છે. મંત્રીએ કહ્યું કે, તમાકુના સેવનથી કેન્સર ઉપરાંત અન્ય અનેક રોગો થાય છે. તેમણે કહ્યું કે, તમાકુ મુક્ત પેઢીના નિર્માણમાં યુવાનોનું યોગદાન મહત્વનું છે. તેમણે કહ્યું કે યુવા પેઢી દેશનું ભવિષ્ય છે અને સરકાર તમાકુ મુક્ત ભારત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રસંગે મંત્રીએ દેશભરની મેડિકલ કોલેજોમાં તમાકુ નિવારણ કેન્દ્રોનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

તાજેતરમાં કેન્દ્રએ યુવાનોમાં તમાકુના ઉપયોગને રોકવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સલાહ આપી હતી. 60-દિવસીય અભિયાનનો ઉદ્દેશ્ય તમાકુ મુક્ત પેઢી અને સ્વસ્થ ભારત બનાવવા માટે તમાકુના ઉપયોગની વિનાશક અસરથી ભારતની યુવા પેઢીના સ્વાસ્થ્ય અને સુખાકારીને સુરક્ષિત રાખવાનો છે.

## RAJASTHAN-ASHWINI-VAISHNAW

રેલ્વે મંત્રી, અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે ડિસેમ્બર, 2030 સુધીમાં દેશભરમાં ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ KAVACH 4.O સિસ્ટમ સ્થાપિત કરવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. શ્રી વૈષ્ણવ આજે જયપુરમાં ગાંધીનગર રેલ્વે સ્ટેશન પર પત્રકારો સાથે વાતચીત કરી રહ્યા હતા. સવાઈ માધોપુર ખાતે કવચ ફીટ કરેલી ટ્રેનમાં ટ્રાયલ રન માટે આગળ વધી રહ્યા છે. તેમણે કહ્યું કે 10 હજાર લોકોમોટિવ્સ અને 9000 કિમીના રેલ્વે ટ્રેકને ટૂંક સમયમાં કવચ 4.ઓથી સજ્જ કરવામાં આવશે. શ્રી વૈષ્ણવે કહ્યું કે આ સિસ્ટમ ટ્રેન અકસ્માતોને રોકવામાં વરદાન સાબિત થશે.

શ્રી વૈષ્ણવે રાજસ્થાનના સવાઈ માધોપુર ખાતે ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમની કાર્યક્ષમતા ચકાસવા માટે ટ્રાયલ માટે આજે બપોરે કવચ ફીટ કરેલી ટ્રેનમાં મુસાફરી કરી હતી. શ્રી વૈષ્ણવ સવાઈ માધોપુર રેલ્વે સ્ટેશન પર ટ્રેનના કવચ ફીટ

કરેલ એન્જીનમાં સવાર થયા અને સુમેર ગંજ મંડી રેલ્વે સ્ટેશન સુધી મુસાફરી કરી. કોટા રેલ્વે વિભાગમાં કોટા થી સવાઈ માધોપુર વચ્ચેનો રેલ્વે ટ્રેક એ ટ્રેક પ્રોટેક્શન સિસ્ટમ KAVACH 4.0 થી સજ્જ પ્રથમ ટ્રેક છે. શ્રી વૈષ્ણવે જયપુરમાં ગાંધીનગર રેલ્વે સ્ટેશનના પુનઃવિકાસ કાર્યનું પણ નિરીક્ષણ કર્યું હતું

## UP-ANTI-ADULTERATION-DRIVE

ઉત્તર પ્રદેશ સરકાર ખાદ્ય પદાર્થોમાં ભેળસેળમાં સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરશે. દેશના વિવિધ ભાગોમાં ભેળસેળની કથિત ઘટનાઓની નોંધ લેતા, મુખ્યમંત્રી  યોગી આદિત્યનાથે તમામ હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ અને અન્ય ખાણીપીણીની સંપૂર્ણ તપાસ અને ચકાસણી કરવાનો નિર્દેશ આપ્યો છે.

આજે લખનૌમાં એક મહત્વપૂર્ણ બેઠકમાં મુખ્યમંત્રીએ નિર્દેશ આપ્યો કે આ સંસ્થાઓના સંચાલકો સહિત તમામ કર્મચારીઓની ચકાસણી માટે રાજ્યવ્યાપી સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવશે. ખોરાક અને ઔષધિ વહીવટીતંત્ર , પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રની સંયુક્ત ટીમ ચકાસણીની કામગીરી કરશે. તેમણે કહ્યું કે ખાદ્ય સંસ્થાનોમાં ઓપરેટર, માલિક, મેનેજર અને અન્ય સંબંધિત કર્મચારીઓનું નામ અને સરનામું સ્પષ્ટપણે દર્શાવવું જોઈએ.

તેમણે એ પણ નિર્દેશ આપ્યો હતો કે ધાબા, હોટલ અને રેસ્ટોરન્ટ વગેરે જેવી ખાદ્ય સંસ્થાનોમાં સીસીટીવી કેમેરા લગાવવા જોઈએ અને તેમની દેખરેખમાં ગ્રાહકો જ્યાં જમતા હોય તે વિસ્તારો જ નહીં પરંતુ સંસ્થાના અન્ય ભાગોનો પણ સમાવેશ થવો જોઈએ. મુખ્યમંત્રીએ કહ્યું કે, સામાન્ય જનતાના સ્વાસ્થ્ય સાથે કોઈ બાંધછોડ કરી શકાય નહીં. તેમણે કહ્યું કે જાહેર આરોગ્યને જોખમમાં નાખવાનો પ્રયાસ કરનાર કોઈપણ સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

## S.-JAISHANKAR-BILATERAL-MEET

વિદેશમંત્રી ડૉ. એસ જયશંકરે આજે ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાથી અલગ બાંગ્લાદેશના વિદેશ બાબતોના સલાહકાર તૌહીદ હુસૈન સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. ગયા મહિને શેખ હસીનાએ પ્રધાનમંત્રી પદ છોડ્યા બાદ ભારત અને મુહમ્મદ યુનુસની આગેવાની હેઠળની બાંગ્લાદેશની વચગાળાની સરકાર વચ્ચે આ પ્રથમ ઉચ્ચ સ્તરીય બેઠક છે. આ બેઠકમાં બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો અને પરસ્પર હિતોને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

## TEXTILE-SWACHHATA-CAMPAIGN

કાપડ મંત્રાલય દ્વારા સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા આ વિષય હેઠળ 'સ્વચ્છતા હી સેવા 2024' અભિયાન ચાલુ થયું છે. જ્યુટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી-NIFT અને ટેક્સટાઈલ કમિટી સહિત મંત્રાલયની વિવિધ ગૌણ કચેરીઓ અને સ્વાયત્ત સંસ્થાઓએ સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું છે.

મંત્રાલયના મુખ્યાલય ખાતે 'સફાઈ મિત્ર સુરક્ષા શિબિર' વિષય પર એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સફાઈ કામદારોને માસ્ક અને સેનિટાઈઝરનું વિતરણ કરવામાં આવ્યું હતું. દરમિયાન, NIFT કેમ્પસમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા શેરી નાટકો અને રીલ બનાવવાની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સિવાય કાપડ મંત્રાલયે તેના મુખ્ય મથક અને પ્રાદેશિક કાર્યાલયોમાં સાયબર-સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું હતું. આ અંતર્ગત, સમિતિએ કર્મચારીઓને સાયબર સ્વચ્છતા વિશે જાગૃત કરવા માટે એન્ટીવાયરસ સોફ્ટવેર લોન્ચ કર્યું.

## CHES -OLAMPIYAD

હંગેરીના બુડાપેસ્ટમાં ચેસ ઓલિમ્પિયાડમાં સુવર્ણ ચંદ્રક જીતીને ઐતિહાસિક સફળતા મેળવીને સ્વદેશ પરત ફરેલી ભારતીય ટીમના સભ્યોનું આજે

ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ચેન્નાઈમાં ચાહકો, અધિકારીઓ અને પરિવારના સભ્યોએ તેમનું સ્વાગત કર્યું હતું. ડી ગુકેશ, આર પ્રજ્ઞાનંદ, આર વૈશાલી અને પુરુષ ટીમ ના કપ્તાન શ્રીનાથ નારાયણન વહેલા  પરત ફર્યા હતા.